## માર્ક બાયોસાયન્સીઝ

# ભારતમાં પ્લાસ્ટિક પેકમાં પેરાસિટામોલ આઈવી રજૂ કરવામાં પુરોગામી




ભારતની ઉત્પાદનકર્તા અને સ્ટરાઈલ ડોસેજીસની માર્કેટર તેમજ બ્લો-ફીલ-સીલ નિષ્ણાત કંપની માર્ક બાયોસાયન્સીઝ લિ. દ્વારા ભારતમાં બીએફએસ ટેકનોલોજીના સહયોગથી પ્લાસ્ટિક પેકમાં વિશ્વમાં પ્રથમ વખત પેરાસિટામોલ આઈવીની રજૂઆત કરવામાં આવી રહી છે. માર્ક પેરાસિટામોલ આઈવી ઉત્પાદનનો કોન્ટ્રાકટ મેળવશે અને તેને તેના પોતાના બ્રાન્ડનેમ 'ફેબ્રામોલ આઈવી' હેઠળ ભારતમાં રજૂ કરશે.

આ પ્રસંગે માર્ક બાયોસાયન્સીઝના એમડી શ્રી ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, 'અમારી આર એન્ડ ડી ટીમ દ્વારા સતત ૩ વર્ષ સુધી સમર્પિતપણે કાર્યના કારણે તેમજ ઉત્પાદન સમયે પેકને સુક્ષ્મ જીવાણુઓના ચેપથી દુર રાખવાની અમારી સિદ્ધ ક્ષમતાના કારણે માર્ક દ્વારા બ્લો-ફ્લો-સીલ પેકમાં પેરાસિટામોલ આઈવી રજૂ કરવાના પડકારને પાર પાડ્યો છે. જે આ પ્રોડકટ વિશ્વમાં પ્રથમ વખત રજૂ કરશે.

માર્ક દ્વારા પેરાસિટામોલ આઈવીના ઉત્પાદન માટે અંદાજે ૩.૫૧ લાખ ડોલરનું રોકાણ કરવામાં આવ્યુ છે અને તેની રજૂઆત પછીના વર્ષમાં પેરાસિટામોલ આઈવીનું ૧ મીલીયન ડોલર જેટલું અંદાજીત વેચાણ થવાની અપેક્ષા છે.

કંપની પેરાસિટામોલ આઈવીની પશ્ચિમ આફ્રિકા, દક્ષિણ પુર્વ એશિયા અને મધ્ય પુર્વના બજારોમાં નિકાસ કરવામાં પુરાગોમી છે અને હવે તે ભારતીય બજારોમાં પણ આક્રમકતાથી સામેલ થશે, માર્કને નાઈજીરીયા, કેન્યા, બેનીન, માલી, વિયેતનામ અને યમન ખાતેથી અનુમતિ પ્રાપ્ત થઈ ચુકી છે અને તે પોતાની ઈનોવેટિવ પ્રોડકટ ઈસ્ટ આફ્રિકા, સીઆઈએસ દેશો અને લેટિન અમેરિકન દેશોમાં રજીસ્ટર્ડ કરવા પ્રક્રિયા કરી રહી છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, 'અમે જ્યાં પેરાસિટામોલ આઈવી રજૂ કરી રહ્યા છીએ એ તમામ બજારોમાં અમે અગ્રણી બનવા ઈચ્છીએ છીએ. અમારી પ્રોડકટ સ્થિર, પ્રમાણમાં સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ છે. અમે પેરાસિટામોલ આઈવીના માર્કેટીંગ માટે બે ધારી વ્યૂહરચના પર કામ કરીશું, જેમાં આ પ્રોડકટ તેના બ્રાન્ડ નેમ હેઠળ રહેશે અને આગામી વર્ષોમાં કોન્ટ્રાકટ ઉત્પાદન દ્વારા વધુ ઉજ્જવળ તકો પ્રાપ્ત કરીશું. જ્યારે અન્ય ફાર્મા કંપનીઓ દ્વારા પણ ખૂબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે અને અમે તેના આધારે આંતરરાષ્ટ્રીય જોડાણ માટેની પ્રક્રિયામાં છીએ.'

પેરાસિટામોલ આઈવી પેરાસિટામોલનું ઈન્ફ્યુઝ ડોસેજ સ્વરૂપ (૧૦ એમજી/એમએલ) છે. તે ટૂંકા ગાળા માટે પીડા ઓછી કરવા અને ખાસ સર્જરી જેવા કિસ્સામાં તે ઉપયોગી છે અને એ ઉપરાંત તાવની ઝડપી સારવાર માટે જ્યારે તાવ માટે અન્ય ઉપાયો કારગત ન હોય ત્યારે તે ઉપયોગી થાય છે. પેરાસિટામોલ આઈવી પ્લાસ્ટિકમાં છે તેથી તેનો ફ્રેઈટ ખર્ચ ઓછો છે અને તૂટવાની શકયતા પણ ઓછી રહે છે. જેનાથી સ્પર્ધાત્મક કિંમત કાચની બોટલની તુલનામાં રાખી શકાય છે. માર્ક એ પ્રથમ એવી કંપની છે જે ઊંડા સંશોધન બાદ તેમજ ટેકનોલોજી તથા ફોર્મ્યુલેશનની દ્રષ્ટિએ ઈનોવેટિવ ફોર્મ્યુલેશન પ્લાસ્ટિક પેકમાં રજૂ કર્યું છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, 'ભારતમાં પેરાસિટામોલ આઈવીની માંગ પ્રતિ વર્ષ લગભગ ૨.૫ મીલીયન બોટલ જેટલી છે. ભારતમાં પ્રથમ વખત આ પ્રોડકટ રજૂ થયા બાદ તેનો વિકાસ દર આગામી ૩ વર્ષમાં પ્રતિ વર્ષ ૨૫ ટકા રહે એવી અપેક્ષા છે. વધતી માંગને પહોંચી વળવા ઉદ્યોગ સક્ષમ છે.'

ભારતની ટોપની ૫૦ કંપનીઓમાંથી ૪૮ કંપનીઓ માટે એલવીપી અને એસવીપીના ઉત્પાદન માટેનો કોન્ટ્રાકટ પ્રાપ્ત કર્યો છે. આ કંપનીઓમાં ડો. રેડીઝ, ટોરન્ટ, કેડિલા, ચેમીસ, ઝાયડસ, શ્રેયા, ગ્લેનમાર્ક, રેનબક્ષી, સન ફાર્મા, એફડીસી, મેકલીઓડસ, ઈન્ટાસ અને લ્યુપિન સામેલ છે.